સરકારી પ્લેન-હેલીકોપ્ટરની પાછળ બે વર્ષમાં રૂ. ૮.૬૮ કરોડનો ખર્ચ

પ્લેન અને હેલીકોપ્ટરના મેઈન્ટેનન્સ, પાઈલોટ તેમજ અન્ય સ્ટાફ માટે કરોડોનો ખર્ચ

ગાંધીનગર, તા. ૨૭

સરકારની માલિકીના પ્લેન અને હેલીકોપ્ટરના મેઈન્ટેનન્સ, પાઈલોટ તેમજ અન્ય સ્ટાફ પાછળ છેલ્લા બે વર્ષમાં રૂ. ૮૬૮૨૪,૮૦૦ નો ખર્ચ કરવામાં આવ્યો છે.

કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારના પ્રશ્નના ઉત્તરમાં નાગરિક ઉડ્ડયન મંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા સરકારી માલિકીના પ્લેન તેમજ હેલીકોપ્ટરના મેઈન્ટેનન્સ સહીત પાઈલોટ તેમજ અન્ય સ્ટાફ પાછળ કુલ રૂ. ૮૬,૮૨૪,૮૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે. જેમાં વર્ષ ૨૦૧૩માં પ્લેન માટે ઓપરેશન અને મેઈન્ટેનન્સને અનુલક્ષી રૂ. ૧,૯૭,૮૦,૮૦૦ જ્યારે વર્ષ ૨૦૧૪માં પણ આટલો જ ખર્ચ થયો છે. આ ઉપરાંત હેલીકોપ્ટર માટે વર્ષ-૨૦૧૩ અને વર્ષ ૨૦૧૪માં કુલ ૪,૭૨૬૩,૨૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારની માલિકીના પ્લેન તેમજ હેલિકોપ્ટરના એરપોર્ટ પર પાર્કીંગ પેટે કોઈ ફી ચુકવવાની હોતી નથી તેમ પણ તેમણે જણાવ્યું હતું.

જિલ્લામાં ખનીજ પેદાશોની રોટલ્ટીના નાણાં પેટે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લા પંચાયતને રૂ. ૧૨૮૯.૧૨ લાખની રોયલ્ટી ચુકવવામાં આવી છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્ન સંદર્ભે ખાણ-ખનીજ મંત્રીએ જવાબમાં જણાવ્યું હતું કે બે વર્ષમાં ખાણ-ખનીજ ખાતા દ્વારા ખનિજ પેદાશો પૈકી રેતી, કંકર અને ગ્રેવલ ખનિજની રોટલ્ટીના નાણા પેટે આ રકમ ચુકવવામાં આવી છે. તેમણે તેમ પણ જણાવ્યું હતું કે ખાણ ખનિજ ખાતા દ્વારા તાલુકા પંચાયતોને સીધે સીધી કોઈ રકમ ફાળવવામાં આવતી નથી.

● કર્મચારીઓની વયનિવૃત્તિ મર્યાદા વધારવા ૧૩ રજૂઆતો મળી : બાબત વિચારણા હેઠળ

કર્મચારીઓની વયનિવૃત્તિ વધારવા બાબતે સરકાર સમગ્ર પાસાઓને લક્ષમાં રાખીને નિર્ણય કરશે.

વિધાનસભામાં ગાંધીનગર
- ધનંજય જોષી

વયનિવૃત્તિ મર્યાદા વધારવા એક વર્ષમાં સરકારને ૧૩ રજૂઆતો મળી છે. ઝાલોદના ધારાસભ્ય ડૉ. મિતેશ ગરાસિયાના પ્રશ્ન સંદર્ભે નાણાંમંત્રીએ રજૂ કરેલા જવાબમાં જણાવ્યા મુજબ કર્મચારીઓની વયનિવૃત્તિ મર્યાદા વધારવાના મામલે વિવિધ પાસાઓ ધ્યાને રાખી વિચારણા ચાલી રહી છે. કચેરીઓમાં વ્યાપક ખાલી જગ્યાઓને ધ્યાને લઈ સરકાર દ્વારા નીતિ વિષયક બાબત હોવાથી વિવિધ પરિબળોને લક્ષમાં લઈ નિર્ણય કરવામાં આવશે.

સેક્ટર-૧૧માં જીપીએસસી ભવનનો શિલાન્યાસ સંપન્ન

સંપૂર્ણ અદ્યતન સુવિધાઓથી સજ્જ ભવન ૧૧ માસમાં તૈયાર થઈ જશે

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત જાહેર સેવા આયોગ-GPSCના "આયોગ ભવન" નો ગાંધીનગરમાં શિલાન્યાસ કરતાં જાહેર કર્યું હતું કે સંપૂર્ણ અદ્યતન સુવિધાઓથી સજ્જ આ ભવન ૧૧ માસમાં તૈયાર થઇ જશે.

તેમણે રાજય સેવામાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરિક્ષાઓ, રૂબરૂ મૂલાકાતો વગેરે સવલતો આ અદ્યતન ભવનના એક જ સ્થળેથી પ્રાપ્ત થઇ શકશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

૧૦૪૯૬ ચોરસ મીટરના બિલ્ટ અપ એરિયા સાથે ૬ બિલ્ડીગના આ સમગ્ર પરિસરના નિર્માણ માટે ૩૭.૫૦ કરોડ રૂપિયા અંદાજપત્રમાં સુનિશ્ચિત કરવામાં આવ્યા છે.

શ્રીમતી આનંદીબહેને આયોગ ભવનનું ભૂમિપૂજન માર્ગ મકાન મંત્રીશ્રી નિતીનભાઇ પટેલ, ગાંધીનગરના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, GPSCના અધ્યક્ષશ્રી જોષી, ગૌણ સેવા પસંદગીના અધ્યક્ષશ્રી આસિત વોરા, ધારાસભ્યો તથા મુખ્ય સચિવશ્રી ડી. જે. પાંડિયન,

● અનુસંધાન પાન-૭ પર

રવિપાક બચાવવા જિલ્લાના ખેડૂતોને સાવધાન કરાયા

ખેડૂતો સાવધાન, આગામી બે દિવસમાં વરસાદ થઈ શકે છે : નાયબ બાગાયત નિયામકે જિલ્લાના ખેડૂતોને સાવધ કર્યા : રવિ સિઝન બચાવવા જરૂરી પગલા લેવા જણાવ્યુ

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યમાં અચાનક ગરમી વધવાના કારણે હવાનુ હળવુ દબાણ સર્જાવા પામ્યું છે. જેના કારણે ગુજરાત અને દરિયા કિનારા વિસ્તારમાં વરસાદ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. રાજ્યના ખેડૂતોની રવિ સિઝન ન બગડે તે માટે પગલા લેવા બાગાયત વિભાગે અપીલ કરી છે.

છેલ્લા બે દિવસથી વાતાવરણ ચિત્ર-વિચિત્ર લાગી રહ્યું છે. ગરમી એકાએક વધી જવા પામી છે. નાયબ બાગાયત નિયામકે જિલ્લાના ખેડૂતોને નુકશાની ન વેઠવી પડે તે માટે અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે ગરમી વધી રહી છે. અને ગરમી વધવાના કારણે હવાનુ હળવુ દબાણ સર્જાયું છે.

તા. ૨૯ અને ૩૦ માર્ચના રોજ ઉત્તર, મધ્ય ગુજરાત સહિત દરિયાકાઠા વિસ્તારમાં વરસાદ થઈ શકે છે. જિલ્લાના ખેડૂતોએ વરસાદની સંભાવના હોવાથી સાવધ કરવામાં આવે છે. બટાટા, વરિયાળી અને બાગાયતી પાકની કાપણી કરેલ હોય તો ઝડપથી થ્રેસરમાં નાખી પાક વરસાદથી ભીંજાય નહિ તેની કાળજી રાખવા જણાવ્યું છે.

વધુમાં જણાવ્યું છે કે જો પાકની કાપણી કરી હોય તો પાકના ઢગલાને વ્યવસ્થિત રીતે ઢાંકી યોગ્ય ગોડાઉન જેવી જગ્યાએ પહોંચાડવો. ખેત પેદાશોને હાલ પુરતુ વેચાણ માટે માર્કેટયાર્ડમાં ન લઈ જવુ. અને તાડપત્રીથી ઢાંકીને રાખવુ. સાથે સાથે શાકભાજી અને અન્ય પાકોમાં જીવાત નિયંત્રણ માટે શોષક દવાનો છંટકાવ કરવો. ઉભા પાકોમાં પિયત ન કરવા હાલ પુરતુ ટાળવા માટે અનુરોધ કર્યો છે.

હાલમાં જ ખેડૂતોને બટાટા ભાવ ન હોવાથી રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. ત્યારે ખેડૂતોની હાલત પડતા પર પાટુ જેવી ન થાય તે માટે જરૂરી પગલા લેવા નાયબ બાગાયત નિયામકે ખેડૂતોના હિતાર્થે જણાવ્યું છે.

ગાંધીનગરમાં ગરમાળો - ગ્રીષ્મના આગમનને પગલે ગાંધીનગરમાં ગરમાળો અને ગુલમહોર ખીલવાનો આરંભ થયો છે... શહેરને જોડતા માર્ગો પર ગરમાળો ધીમેધીમે ખીલી રહ્યો છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

આજે શહેરમાં રામજન્મોત્સવ ઉજવાશે

રામનવમીના દિવ્ય અવસરે નગરના મંદિરોમાં ભવ્ય કાર્યક્રમો યોજાશે : મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામના નામમાં ભાવિકો તલ્લીન થશે : બપોરે રામજન્મોત્સવ, આરતી, ધૂન અને સુંદરકાંડ સહિતના કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૭

આજે રામનવમી... મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામનો જન્મદિવસ. આસુરી શકિતનો વિનાશ કરી ધર્મ નિભાવવાની સાથે આજ્ઞાકારી પુત્ર, શ્રેષ્ઠભાઈ, શ્રેષ્ઠ પતિ તેમજ આદર્શ શાસકનું કર્તવ્ય પૂર્ણ કરનારા ભગવાન રામનું જીવન જ એક સંદેશ છે. ભગવાન રામનો જન્મમધ્યાહ્ન સમયે થયો હતો તેની પાછળ પણ એક પ્રતિકાત્મક સંદેશ રહેલો છે. સૂર્યના તામની જેમ આસુરી શકિતઓએ પણ માઝા મુકી હતી તેવા જ મધ્યાહને આસુરોને ડામવા અને પૃથ્વી પર પ્રેમ અને શાંતિનું વાતાવરણ સર્જવા પાછળ રામજન્મ પાછળનો અર્થ સમાયેલો છે. રામનવમી નિમિત્તે બપોરે ૧૨ વાગે નગરના વિવિધ મંદિરોમાં ભગવાન રામની પૂજા, અર્ચના, આરતી, સુંદરકાંડના પાઠ, મહાયજ્ઞ સહિત રામજન્મોત્સવ અન્વયે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. નગરના સૌથી જૂના સે-૨૨સ્થિત પંચદેવ મંદિરમાં પણ ભજન, ધૂન, આરતી અને સુંદરકાંડના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સે-૧૭ હનુમાન મંદિર, સે-૩૦ ઝુલેલાલ, સે-૧ ગાયત્રી શકિતપીઠ, સે-૧ સમદર્શન આશ્રમ, સે-૨ ચંદ્રમૌલેશ્વર મંદિર, સે-૪ ઓમકારેશ્વર મહાદેવ, સે-૬ ભુવનેશ્વર મહાદેવ તેમજ સે-૧૬ સોમનાથ મહાદેવ ખાતે પણ રામનવમી નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રામનવમીના પવિત્ર દિવસે ભગવાન રામની સાથે પરમ રામભકત હનુમાનજીની પણ વિશેષ પુજા અર્ચના કરવામાં આવે છે. હનુમાન મંદિરોમાં પણ રામનવમી નિમિત્તે સુંદરકાંડના પાઠનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સે-૧૨ સ્વામિનારાયણ મંદિર ખાતે પણ સહજાનંદ સ્વામીની જન્મજયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

અલગ-અલગ વિસ્તારોમાં પણ સોલાર વીજળી અપાશે

છુટાછવાયા વિસ્તારોમાં રહેતા લોકોને સોલાર વિજળી આપવા ખાસ જોગવાઈ કરવામાં આવી રહી છે : ઉર્જામંત્રી

ગાંધીનગર, તા.૨૭

રાજયનાં દૂર દૂરનાં અને ઊડાણના વિસ્તારોમાં છુટાછવાયા રહેતા પરિવારોને સોલાર દ્વારા વીજળી આપવામાં આવશે તેમ ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે અને આ માટે ખાસ જોગવાઈ પણ કરવામાં આવી છે. તળાજાના ધારાસભ્ય શિવાભાઈ ગોહિલે ભાવનગર જિલ્લામાં ઝૂપડપટ્ટીમાં વીજળીકરણ અંગે તેમજ ધંધૂકાના ધારાસભ્ય લાલજીભાઈ કોળીએ અમદાવાદ જિલ્લામાં આ જ યોજના હેઠળ થયેલા વીજજોડાણો અંગેના પ્રશ્નના ઉત્તરમાં ઊર્જા રાજયમંત્રી ગોંવિદભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૪૩.૧૯ના ખર્ચે ૮૧૩૧ લાભાર્થીઓને અને અમદાવાદ જિલ્લામાં ૨૦૨.૧૭ લાખના ખર્ચે ૪૬૧૩ લાભાર્થીઓને ગૃહવપરાશ વીજજોડાણ આપવામાં આવ્યા છે.

મંત્રીએ જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ કોઈપણ અરજી પડતર નથી. ઝુંપડપટ્ટીમાં વીજળી મેળવવા અંગેના ધોરણોના પ્રશ્નના ઉત્તમમાં મંત્રીએ જણાવ્યું કે, આ માટે કોઈ ચાર્જ લેવાતો નથી. આ માટે લાભાર્થી બી.પી.એલ. હેઠળ નોંધાયેલ જરૂરી છે.

આ ઉપરાંત લાભાર્થી બી.પી.એલ ન હોય તો પણ ગ્રામ્ય વિસ્તારોમાં તેની આવક વાર્ષિક ૨૭,૦૦૦ અને શહેરી વિસ્તારમાં ૩૨,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓને રાત્રિના જાણે કેદ કરી દેવાય છે!

સિકયુરીટી પણ ડ્રેસ કોડમાં હોતા નથી! રાત્રિના ૧૦ વાગે જ પાર્કના ગેટ પર તાળુ વાગી જાય છે : સિનિયર સિટીઝન અને મહીલાઓને મુંઝવણ

ગાંધીનગર, તા.૨૭

શહેરના હાર્દસમા વિસ્તારમાં કરોડોના ખર્ચે વિકસાવાયેલા સ્વર્ણિમ પાર્કમાં તાળાબંધી કરી સહેલાણીઓને પુરી દેવાય છે. જેના પરિણામે પાર્કમાં

આવતા સિનિયર સિટીજન અને બાળકો સાથે આવતી મહીલાઓને મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. રાત્રિના ૧૦ વાગે જ ગેટ પર તાળુ મારી દેવાતા આ વાતથી અજાણ સહેલાણીઓએ બહાર નીકળવા ફાંફા મારવા પડે છે. સ્વર્ણિમ પાર્કમાં આંટા ફેરા કરતા સિકયોરીટી ગાર્ડ પણ ડ્રેસકોડમાં હોતા નથી. સ્વર્ણિમ પાર્કની જાળવણી માટે પણ કરોડોનો ખર્ચ નિયત કરાયો છે આમ છતાં આમ નાગિરકોની સલામતીના નામે મીંડુ છે બીજી તરફ આકરી ગરમી અને વેકેશનને ધ્યાને લઈ પાર્કમાં મુલાકાતીઓના સમયમાં પણ ફેરફાર કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં નવ નિર્મિત સ્વર્ણિમ પાર્કને નિહાળવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પાર્કમાં વોટરબોડી ઉપરાંત વિવિધ પ્લાઝા તેમજ હરિયાળી લોન અને પ્લાન્ટેશન પણ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પરંતુ સહેલાણીઓ માટે વિકસાવાયેલા સ્વર્ણિમ પાર્કમાં મુલાકાતીઓને જ એન્ટ્રી મળતી નથી. ગરમીના દિવસોમાં પણ પાર્કના ગેટ પર ૧૦ વાગે તાળુ મારી દેવાય છે. સ્વર્ણિમ પાર્કમાં પ્રેમી પંખીડાઓ અડ્ડો ન જમાવે તે માટે ચોકી પહેરો જરુરી છે. અને કોઈ પણ પ્રકારની વલ્ગેરીટી ન થાય પરંતુ પાર્કમાં કહેવાતા સિકયુરીટીના માણસો જ ડ્રેસ કોડમાં હોતા નથી. જેના લીધે આમ નાગરિકોને પણ તેમની ઓળખ થતી નથી. બીજી તરફ ઉનાળુ વેકેશનમાં રાત્રિના સમયે પરિવારજનો સાથે પાર્કમાં આવતા સહેલાણીઓને હાંકી કાઢવામાં આવે છે જેના પરિણામે મુલાકાતીઓમાં આક્રોશ પ્રર્વત્યો છે. સિકયુરીટીના ઉધ્ધત વર્તનથી પણ મહીલાઓમાં આક્રોશ પ્રર્વત્યો છે. તંત્ર દ્વારા પણ વેકેશનના સમયગાળાને ધ્યાને લઈ સ્વર્ણિમ પાર્કમાં આવતા મુલાકાતીઓ માટે સમયમાં ફેરફાર કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે.

આસારામની કામચલાઉ જામીન અરજી નામંજુર

ભાણેજના અંતિમ સંસ્કારમાં ભાગ લેવા આસારામ દ્વારા અપાયેલા કારણો પુરતા નથી : ગુજરાત હાઈકોર્ટનું તારણ

અમદાવાદ,તા. ૨૭

ગુજરાત હાઈકોર્ટે બળાત્કાર સાથે સંબંધિત કેસમાં આરોપી અને જાતે બની બેઠેલા ગોડમેન આસારામની કામચલાઉ જામીન માટેની અરજીને આજે ફગાવી દીધી હતી. જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે ઠેરવ્યું હતું કે, તેમના ભાણેજની અંતિમ વિધિ માટે આસારામ દ્વારા જે કારણો આપવામાં આવ્યા છે તે જામીન આપવા માટે પુરતા નથી. ૭૩ વર્ષીય આસારામે ગઈકાલે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જામીન અરજી કરી હતી. ગાંધીનગર કોર્ટે તેમની અરજીને એક દિવસ પહેલા જ ફગાવી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૫મી માર્ચે ગાંધીનગર જિલ્લા કોર્ટે જાતે બની બેઠેલા ગોડમેન આસારામને કામ ચલાઉ જામીન આપવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. આસારામ તેના પૂર્વ શિષ્ય દ્વારા તેમની સામે કરવામાં આવેલા બળાત્કારના આક્ષેપોના સંદર્ભ હાલમાં જેલમાં છે. આસારામે તેમના ભાણેજના અંતિમ સંસ્કારમાં ભાગ લેવા માટે ૩૦ દિવસ માટે જામીનની માંગ કરી હતી. તેના મૃતદેહને સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે. આસારામે રજૂઆત કરી હતી કે, શંકરભાઈ પગરાણીનું ૧૯મી માર્ચે નિધન થયું હતું. આસારામે દ્વારા ગાંધીનગર કોર્ટમાં એક માસનાં જામીન આપવા અરજી કરાઈ હતી. જેમાં સોમવારે તથા મંગળવારે સુનાવણી હાથ ધરાયા બાદ ૨૫મીએ કોર્ટે જામીન અરજી ફગાવી દીધી હતી. કોર્ટે પોતાના તારણમાં નોંધ્યું હતું કે, મૃતકની અંતિમ વિધી કરવા માટે તેનાં બે સગાભાઈઓ છે ત્યારે આસારામને જામીન આપવા જરૂરી લાગતું નથી. આસારામની અરજીને ગાંધીનગર કોર્ટે ફગાવી દીધા બાદ આસારામે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. આસારામ સામે ગાંધીનગર કોર્ટમાં ચાલી રહેલા કેસમાં અગાઉ આસારામ દ્વારા કાયમી જામીનની માંગણી કરવામાં આવી હતી, જે કોર્ટ દ્વારા નામંજૂર કરાયા હતા.

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અદ્યતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com